*This Question Paper contains 6 printed pages.*

Seat No.:

Sl. No. : 100001

# 183(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે.
2) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ નીચે આપેલા 1 થી 14 પ્રશ્નોના સાચો વિકલ્પ શોધીને જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [14]

1) પત્ર માં સરનામું લખવાની કેટલી પધ્ધતિ છે ?

(A) એક

(B) બે

(C) ત્રણ

2) ઝાંખા ભૂરા રંગના કાગળ કયા ખાતા માં વપરાય છે ?

(A) કંપની માં

(B) સરકારી ખાતામાં

(C) પેઢી માં

3) ગ્રાહકે કંપની ઉપર લખેલા પત્રની નોંધ કંપની કયા રજીસ્ટર માં નોંધ કરે છે ?

(A) આવક રજિસ્ટર

(B) જાવક રજિસ્ટર

(C) સ્ટોક રજિસ્ટર

4) વિચાર અધુરો હોય ત્યારે વાક્ય ના અંતે કયું ચિહ્ન મૂકવામાં આવે છે ?
(A) ઉદગાર ચિહ્ન
(B) પ્રશ્નાર્થી ચિહ્ન
(C) અલ્પવિરામ

5) તાજા કલમ ને ટૂંકમાં કેવી રીતે લખાય છે ?
(A) T.S.
(B) P.S.
(C) S.S.

6) ઠરાવ કે નોંધ એ સભ્યોના સામૂહિક નિર્ણયને કયું સ્વરૂપ આપે છે ?
(A) કાયદા
(B) બિનકાયદેસર
(C) ગેરકાયદેસર

7) અરજીપત્ર સાથે જોડેલ પત્ર ને શું કહે છે ?
(A) પ્રમાણિત પત્ર
(B) સહપત્ર
(C) સામાન્ય પત્ર

8) વેપારી એ પોતાની નવી શાખા શરૂ કરેલ છે. તેની ગ્રાહકો ને માહિતી પૂરી પાડવા કયો પત્ર લખે છે ?
(A) પૂછપરછ પત્ર
(B) વેચાણ પત્ર
(C) પરિપત્ર

9) જાહેરાત ના આધારે મળેલી અરજી ના પ્રત્યુત્તરમાં કંપની કયો પત્ર લખે છે ?
(A) અરજીપત્ર
(B) સ્વીકૃતિપત્ર
(C) ઈન્ટરવ્યુપત્ર

10) વાક્યમાં જે પદ ક્રિયા બતાવે છે તેને શું કહે છે ?
(A) ક્રિયાપદ
(B) કર્તા
(C) કર્મ

11) અમુક ચોક્કસ મુદત માટેના પ્રસ્તાવને શું કહે છે ?

(A) સ્વૈચ્છિક પ્રસ્તાવ

(B) મુદતી પ્રસ્તાવ

(C) અમર્યાદ પ્રસ્તાવ

12) વીમા કંપની સામાન્ય રીતે કયા કવરનો ઉપયોગ કરે છે ?

(A) પારદર્શક કવર

(B) ખુલ્લા કવર

(C) બંધ કવર

13) જાહેરાતના આધારે પ્રથમ કયો પત્ર લખાય છે ?

(A) રૂબરૂ મુલાકાત પત્ર

(B) નિમણૂંક પત્ર

(C) અરજીપત્ર

14) સહપત્ર કોને કહેવાય ?

(A) સામાન્ય પત્ર

(B) બિડાણ

(C) પ્રમાણિત પત્ર

## વિભાગ - B

■ **નીચે આપેલા 15 થી 22 પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [16]

15) નીચેના વાક્યોમાંથી ઉદ્દેશપદ અને વિધેયપદ જુદા પાડો.

(1) અમદાવાદ ઔદ્યોગિક નગર છે.

(2) રમેશ દોડી ગયો.

16) માંગ્યા પ્રમાણે જવાબ આપો.

(1) સુનિતા સારંગી વગાડે છે - કર્મણી માં ફેરવો.

(2) સરકાર તરફથી બાળકો ને ભોજન આપવામાં આવે છે - કર્તરીમાં ફેરવો.

17) માંગ્યા પ્રમાણે જવાબ આપો.

(1) સુનિલ ક્રિકેટ રમે છે - ક્રિયાપદ સ્પષ્ટ કરો.

(2) રમેશ સાંજે ઘેર આવશે - પ્રશ્નાર્થ વાક્ય બનાવો.

P.T.O.

18) 'આંખ દેખાડવી' રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.

19) 'હોશ કોશ ઉડી જવા' રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.

20) 'ભેંસ આગળ ભાગવત' કહેવતનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

21) 'આંખ ની કીકી જેવા હોવું' કહેવતનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

22) નીચેની જોડણી સુધારો.

(1) ખુબસુરત

(2) નીમણુક

## વિભાગ - C

■ **નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના ત્રણ થી ચાર લીટીમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[21]**

23) 'બેંક ઓફ બરોડા', વડોદરા ના પટાવાળા નું સ્ટાફ પ્રત્યે ખરાબ વર્તન છે. બેંક મેનેજર તરીકે પટાવાળાને બરતરફ કરવાની નોટીસ આપો.

24) 'સોની ટીવી કંપની' ના વાર્ષિક ડિવિડન્ડ ની જાહેરાત કરતો ઠરાવ તૈયાર કરો.

25) 'બિરલા કોપર કંપની' નું ચાલુ ખાતું 'બેંક ઓફ બરોડા' ભરૂચ શાખા માં ખોલવાનો ઠરાવ તૈયાર કરો.

26) શ્રી એન.સી. પટેલ શાળા માં શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેઓ દરરોજ મોડા આવે છે તો તેમને આચાર્ય વતી આપવાની નોટીસ તૈયાર કરો.

27) 'ગુજરાત ફર્ટીલાઇઝર કંપની' ના વચગાળા ના ડિવિડન્ડ ની જાહેરાત કરતો ઠરાવ લખો.

28) 'મેસર્સ શાહ બ્રધર્સ' ને સોલ-સેલિંગ એજન્ટ નીમવા માટે ઠરાવ લખો.

29) 'વોડાફોન કંપની' ના મેનેજર ની અમદાવાદ શાખા માં થી વડોદરા શાખામાં બદલી અંગે નો ઠરાવ લખો.

30) કંપની ની સામાન્ય મહોર ને માન્યતા આપવા અંગેનો ઠરાવ લખો.

31) પત્ર વ્યવહાર નાં કાર્યો જણાવો.

## વિભાગ - D

■ **કોઈપણ છ પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[24]**

32) 'પરશુરામ ટાઈલ્સ ફેક્ટરી' મોરબીના મેનેજર તરફથી શ્રી કે.એચ. પટેલ ને કારકુન ની જગ્યા માટે રૂબરૂ મુલાકાત માટે બોલાવતો પત્ર લખો.

33) સારલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા જણાવો.

34) 'સિધ્ધિ ટ્રેડીંગ કંપની' અમદાવાદ માં સેલ્સ મેનેજર ની જરૂર છે. જાહેરાત ના અનુસંધાને અરજીપત્ર તૈયાર કરો.

35) વીમા ના ફાયદા લખો.

36) 'મેસર્સ શ્યામ બ્રધર્સ' વડોદરા ને આપવામાં આવેલ ઓવરડ્રાફ્ટની સગવડ પાછી ખેંચતો પત્ર બેંક મેનેજર વતી લખો.

37) પત્ર વ્યવહારનું માળખું જણાવો.

38) એક પેઢીના ખરીદ અધિકારી તરીકે 'શુભ લક્ષ્મી સાડી ભંડાર' મહેસાણા ને નુકસાની વાળો માલ મળ્યો છે તે અંગેની ફરિયાદ કરતો પત્ર લખો.

39) એક ટ્રેન અકસ્માત નો આંખે જોયો અહેવાલ લખો.

## વિભાગ - E

■ **કોઈપણ પાંચ પ્રશ્નો ના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

40) નીચેના ગદ્યખંડ નું સારલેખન કરી યોગ્ય શીર્ષક આપો -

મનુષ્ય માત્ર નો પોતાના પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશી નો દ્વેષ નથી અથવા સ્વદેશી નો પક્ષપાત નથી શરીરધારી ની સેવા કરવાની શક્તિ ને મર્યાદા છે. એ પોતાના પડોશી ને મુશ્કેલી થી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગત માં કોઈ મદદ વિના દુઃખી ન થાય. પડોશી ની સેવા કરનાર આખા જગત ની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મ નું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મ નું પાલન જે પડોશી ને તરછોડે છે ને પોતાના શોખને પૂરો કરે છે. તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે. તે કેવળ પોતાના માટે જ જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે. તેના માં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પડોશી ની સેવા વડે જ થઈ શકે.

41) મામલતદાર કચેરી જામનગર ની પસંદગી સમિતિ તરફ થી ક્લાર્ક ની પોસ્ટ માટે શ્રી રવિકુમાર ડોડીયાને નિમણૂંક આપતો પત્ર લખો.

42) ફરિયાદપત્ર લખવાના કારણો જણાવો.

43) અતુલ પ્રકાશન અમદાવાદને જગદીશ બુક સ્ટોર જૂનાગઢ તરફથી સ્ટેશનરી ને લગતી વસ્તુઓનો ઓર્ડર આપતો પત્ર લખો.

44) 'ઇન્ડિયન ફૂડ એન્ડ ફર્ટીલાઇઝર કોર્પો.' ન્યુ કંડલા પોતાની પ્રોડક્ટ માટે નવું યંત્ર વસાવવા બેંક માંથી લોન લેવા માંગે છે આ માટે પત્ર લખો.

45) એક શેર હોલ્ડર તરીકે તમો એ કંપની ની ઓફિસ ની મુલાકાત લીધી ત્યારે એક કર્મચારી એ તમારી સાથે સારી વર્તણૂંક કરી ન હતી આ બાબતની માહિતી આપતો પત્ર કંપની ને લખો.

46) ગ્રાહકની ફરિયાદ નો પ્રત્યુત્તર આપતી વખતે કઈ બાબતો નું ધ્યાન રાખવું જોઈએ ?

◆◆◆